Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:૩૬ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ | આયુર્વેદ વેધ શાલા
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદ
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT | EKLપંચકર્મ
ઉપનાહ સ્વેદન | પટ્ટબંધન
લેપન | અગ્નિકર્મ
વેધાગ્નિકર્મ | ક્ષારકર્મ
પંચકર્મ | વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ પુનમ બુધવાર ૨૯ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૬

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સામે પોલીસ કાર્યવાહી સંબંધેની અરજીઓ પર સુપ્રીમમાં સુનાવણી

સગીર દેખાવકારોને છોડી મૂકવા સુપ્રીમ કોર્ટનો આદેશ

સગીર દેખાવકારોને છોડવા માટે સુપ્રીમે જો કે ગુનાઇત ભૂતકાળ ન હોવાની શરત મૂકી

ધરપકડ કરાયેલા દેખાવકારો પર પણ કડક અને બળપૂર્વકની કાર્યવાહી નહીં કરવા આદેશ

પોલીસ અત્યાચારોની ફરિયાદોની તપાસ કરવા સુપ્રીમ કોર્ટ સીટ બેસાડે તેવી શક્યતા

નવી દિલ્હી, તા. ૨૮(PTI): સુપ્રિમ કોર્ટે મંગળવારે તાજેતરમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા આંદોલનમાં વિરોધ પ્રદર્શન કરનારાઓ સામે કોઈ પણ કડક કે બળપૂર્વકની કાર્યવાહી કરવા સામે રાજ્યોને રોક્યા છે અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીરોને છોડી મૂકવાનો શરતી નિર્દેશ આપ્યો છે, શરત એ છે કે તેમની સામે ભૂતકાળમાં કોઈ ગુનાહિત ઈતિહાસ ન હોવો જોઈએ.

સર્વોચ્ચ અદાલતે સંકેત આપ્યો હતો કે આ તપાસ માટે સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી શકે

...અનુસંધાન પાના 11 પર

દેખાવો વખતના CCTV ફૂટેજ, ડ્રોન રેકોર્ડિંગ્સ વગેરે સાચવી રાખવા રાજ્યોને આદેશ

સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્ર, બિહાર, અસમ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કેરળને નોટિસ પાઠવી હતી અને તેમના એડવોકેટ જનરલને સુનાવણીની આગામી તારીખે ઓનલાઈન હાજર રહેવા જણાવ્યું હતું. પીઠે જે રાજ્યોમાં વિરોધ પ્રદર્શન યોજાયા હતા તે રાજ્યોને વિરોધ પ્રદર્શનને લગતા CCTV ફૂટેજ, ડ્રોન રેકોર્ડિંગ્સ, બોડી-કેમેરા ફૂટેજ, વાયરલેસ કમ્યુનિકેશન રેકોર્ડ્સ, PCR લોગ્સ અને અન્ય ડિજિટલ પુરાવાઓને સાચવી રાખવા માટે અનેક વચગાળાના નિર્દેશો આપ્યા હતા.



જાપાનમાં શક્તિશાળી ભૂકંપ : વ્યાપક નુકસાનના અહેવાલ

શરૂઆતમાં ભૂકંપની તીવ્રતા 7.1 જણાવીને બાદમાં ઘટાડીને 6.8 કરી, સુનામી અસર નહીં

સંખ્યાબંધ લોકો ઘાયલ, એક શોપિંગ સેન્ટર તૂટી પડતા અનેક લોકો ફસાયાના અહેવાલ

રસ્તાઓ, પુલો,ઇમારતોને નુકસાન થયું અને આગના બનાવો બન્યા હોવાના અહેવાલ

ટોક્યો, તા. ૨૮: મંગળવારે મોડી બપોરે જાપાનના દક્ષિણી મુખ્ય ટાપુ ક્યુશુ પર આવેલા કુમામોટોમાં ૭.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે નુકસાન અને લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કાશિમા ટાઉનમાં આવેલા એઓન મોલ શોપિંગ સેન્ટરનો બીજો માળ ધરાશાયી થઈ ગયો હતો, જેમાં અજ્ઞાત સંખ્યામાં લોકો ફસાયા હતા. ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ વધુ વિગતો આપ્યા વિના જણાવ્યું હતું કે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ક્યોડો ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, શોપિંગ સેન્ટરમાં માળ ધરાશાયી થતાં પહેલાં એક વિસ્ફોટ થયો હોવાનો અહેવાલ મળ્યો હતો. જાપાન મીટીઓરોલોજીકલ એજન્સી એ જણાવ્યું કે કુમામોટો અને તેના ત્રણ પડોશી પ્રીફેક્ચર્સના પશ્ચિમ કિનારે આવેલા નજીકના અરીઆકે અને યત્સુશિરો સમુદ્ર માટે સુનામી સંબંધિત ચેતવણી અસ્થાયી રૂપે જારી કરવામાં આવી હતી, પરંતુ બે કલાકની અંદર તેને પાછી ખેંચી લેવામાં આવી હતી. આ વિસ્તાર ટોક્યોથી લગભગ ૯૦૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમે આવેલો છે. યુએસ જીઓલોજિકલ સર્વે(USGS) એ શરૂઆતમાં ભૂકંપની તીવ્રતા ૭.૧ જણાવી હતી, પરંતુ પાછળથી તેને સુધારીને ૬.૮ કરી હતી. જાપાનના

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી ડાયરી

શાસન, સમીક્ષા અને પત્રકારત્વનો પડકાર

ઓર્ગેનાઇઝર નામના આરએસએસ સંલગ્ન સાપ્તાહિકના ૮૦મા સ્થાપના દિવસ પ્રસંગે તાજેતરમાં એક રસપ્રદ વાતાવરણ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે ભાજપ અને આરએસએસ સાથે સંકળાયેલા લોકો કોંગ્રેસની નેતૃત્વવાળી યુપીએ સરકારના દિવસોને યાદ કરે એવું રોજ બનતું નથી, પરંતુ આ કાર્યક્રમમાં ભૂતકાળના સંસ્મરણો તાજા થયા હતા. આરએસએસના મુખપત્રના ભૂતપૂર્વ તંત્રી આર. બાલાશંકરે યાદ કર્યું હતું કે, સાપ્તાહિકના લેખો અને સંપાદકીય પર તત્કાલીન વડા પ્રધાન ડો. મનમોહન સિંહ સહિત સત્તામાં બેઠેલા લોકોની તીક્ષ્ણ નજર રહેતી હતી. તેમણે દાવો કર્યો હતો કે ડો. સિંહ 'ધી ઇન્ડિયન એક્સપ્રેસ'ની વ્યૂ ફ્રોમ ધ રાઇટ કોલમ વાંચવાની હંમેશાં આતુરતાપૂર્વક રાહ જોતા હતા, જેમાં આ સાપ્તાહિકની વિગતોનો સારાંશ આપવામાં આવતો હતો. બાલશંકરે જણાવ્યું, અમે હંમેશાં તત્કાલીન વડા પ્રધાનની ટીકા કરતા હતા... એ સમયમાં કોઈ પણ આલોચનાત્મક લખાણ લખવું સહજ હતું. સોનિયા ગાંધીની ટીકા કરવામાં ભારે મજા આવતી હતી. યુપીએ સરકારે આ બાબતોની નોંધ લીધી હતી અને વડા પ્રધાન પોતે તેને વાંચતા હતા, જે એક પ્રશંસા સમાન હતું. તેમણે હાલના 'ઓર્ગેનાઇઝર' તંત્રી પ્રફુલ્લ કેટકરની મજાક ઉડાવતા સૂચવ્યું કે, હવે પોતાની

...અનુસંધાન પાના 11 પર

કંગનાની જેન-ઝી સામેની આકરી ટિપ્પણીથી રાજકીય તોફાન

કંગનાએ ભારતીય મહિલાઓને કથિત પશ્ચિમી નવી પેઢી ગણાવીને તેમને જેનરેશન ગટર કહી હતી

નવી દિલ્હી, તા. 28 (PTI) અભિનેત્રી અને બીજેપી સાંસદ કંગના રાનૌતની સોશિયલ મીડિયા પોસ્ટ્સ, જેમાં તેમણે જેન ઝીને 'ગટર જનરેશન' ગણાવી હતી અને પૂછ્યું હતું કે, તેમને કોણ પેદા કરી રહ્યું છે? આ પોસ્ટના કારણે અભિનેત્રી અને સાંસદ વિપક્ષી નેતાઓ અને સોશિયલ મીડિયાના નિશાન પર આવી ગઈ છે. જેઓ તેમના શબ્દોની પસંદગી અને વિચારોની ટીકા કરી રહ્યા છે.

વિવાદપ્રિય આ અભિનેત્રી કંગના મંગળવારે ફરી એકવાર વિવાદમાં આવી હતી, જ્યારે તેણે નીટ પેપર લીક વિરોધ પ્રદર્શન અંગે ઇન્સ્ટાગ્રામ પર ઉશ્કેરણીજનક પોસ્ટ્સની શ્રેણી શેર કરી હતી. આ વિરોધ પ્રદર્શન જંતર મંતરથી શરૂ થઈને અન્ય શહેરોમાં ફેલાયું હતું.

કંગના રાનૌતે કહ્યું, મેં મારા જીવનમાં ક્યારેય એક જગ્યાએ આટલી કદરૂપતા જોઈ નથી, જેન ઝી વિરોધ પ્રદર્શનોની આ રીલ્સ ઊલટી થાય તેવી છે. તેઓ જે રીતે વાત કરી રહ્યા છે અને જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે મેં મારા જીવનમાં ક્યારેય એકસાથે દરેક ફ્રેમમાં આટલું બધું ત્રાસદાયક અને અસભ્ય ચીજો જોઈ નથી., છી, તેમને કોણ પેદા કરી રહ્યું છે અને ઉછેરી રહ્યું છે?

તેના પછીની એક પોસ્ટમાં હિમાચલ પ્રદેશના મંડીના બીજેપી સાંસદે એક ડગલું આગળ વધીને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારી યુવતીઓની ટીકા કરતાં કહ્યું કે, આંદોલન દરમિયાન તેમનું વર્તન ખૂબ જ શરમજનક હતું.

અભિનેત્રીએ કહ્યું, જે મહિલાઓ ખરેખર સ્વતંત્ર છે તેઓ બળવાખોર પસંદગીઓ કરે છે, બોલ્ડ વિચારો રાખે છે, બિન-પરંપરાગત કારકિર્દીના નિર્ણયો લે છે અને પોતાના કાર્યોની જવાબદારી લે છે. તેમણે એવું કરવું જ પડે છે. કારણ કે, તેઓ એકલી રહેલી હોય છે. તેઓ પોતાના માતાપિતા કે પરિવારના ભોગે આ નથી કરતી.

કંગનાએ વધુમાં ઉમેર્યું, અહીં કથિત પશ્ચિમી ભારતીય મહિલાઓની

...અનુસંધાન પાના 11 પર

PoKમાં ચૂંટણીના દિવસે JAACની કૂચ પર પોલીસ ગોળીબારમાં 14નાં મોત

JAACના દાવા પ્રમાણે તેના અન્ય બે ડઝનથી વધુ કાર્યકરોને ઇજા થઇ છે : પાકિસ્તાની સરકારે આ દાવાને શંકાસ્પદ ગણાવ્યા

PoK વિધાનસભા ચૂંટણીના બહિષ્કારનું એલાન JAACએ આપ્યું હતું, 24 કલાકના તોફાનોમાં કુલ 20નાં મોતનાં અહેવાલ

ઈસ્લામાબાદ, તા. 28: પાકિસ્તાન અંકુશ હેઠળના કાશ્મીર (PoK) માં કહેવાતી ધારાસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સીઓ સાથેની હિંસક અથડામણમાં પ્રતિબંધિત 'જોઇન્ટ અવામી એક્શન કમિટી'(JAAC)ના ઓછામાં ઓછા 14 કાર્યકરો માર્યા ગયા છે અને બે ડઝનથી વધુ ઘવાયા છે, એવો દાવો સંસ્થાએ મંગળવારે કર્યો હતો.

જો કે, આ વિસ્તારના કાયદા અમલીકરણ સત્તાવાળાઓએ મૃત્યુઆંક અંગે અસંમતિ દર્શાવી હતી અને JAACના દેખાવકારો પર સુરક્ષાકર્મીઓ પર ગોળીબાર કરવાનો આરોપ લગાવ્યો હતો. કહેવાતી ક્ષેત્રીય ધારાસભાની 12 વિવાદાસ્પદ બેઠકોને લઈને JAAC છેલ્લા એક મહિનાથી PoKમાં વિરોધ પ્રદર્શનો કરી રહ્યું છે. સંસ્થાનો આરોપ છે કે પાકિસ્તાની સત્તાધીશો પોતાની પસંદગીના વડાપ્રધાનને બેસાડવા માટે આ બેઠકોમાં ગેરરીતિઓ આચરે છે. સોમવારે જ્યારે 13 બેઠકો પર પ્રથમ તબક્કાનું મતદાન થઈ રહ્યું હતું, ત્યારે JAAC એ રાવલાકોટથી પ્રાદેશિક રાજધાની મુઝફ્ફરાબાદ તરફ 'લોંગ માર્ચ' યોજી હતી. JAACએ દાવો કર્યો હતો કે જ્યારે સુરક્ષા દળોએ લોંગ માર્ચમાં ભાગ લેનારાઓ પર ગોળીબાર કર્યો ત્યારે તેના કાર્યકરો માર્યા ગયા હતા. જો કે, આ પાર્ટીના દાવાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી. JAAC કોર કમિટીના સભ્ય આબિદ શાહીને બીબીસીને જણાવ્યું હતું કે સોમવારે થયેલી અથડામણમાં લગભગ એક ડઝન કાર્યકરો માર્યા ગયા હતા અને 20થી વધુ ઘાયલ થયા હતા. સમિતિના અન્ય એક

...અનુસંધાન પાના 11 પર

વિદ્યાર્થીઓની હેરાનગતિ બંધ ન થાય તો ફરી આંદોલન : સીજેપી

સરકારે તાત્કાલિક વિદ્યાર્થીઓને નિશાન બનાવવાનું બંધ કરવું જોઈએ : અભિજીત દિપ્કે

પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશ પર સવાલ ઉઠાવી ચિંતાનો વિષય ગણાવ્યો

નવી દિલ્હી, તા. 28 : કોકરોચ જનતા પાર્ટી (CJP) એ કેન્દ્ર સરકાર પર વિદ્યાર્થીઓ અને વિરોધીઓને આપેલા વચનોથી પાછળ હટવાનો આરોપ લગાવતા રાષ્ટ્રવ્યાપી આંદોલન ફરી શરૂ કરવાની ધમકી આપી છે. CJP ના સ્થાપક અભિજીત દિપ્કેએ ચેતવણી આપી હતી કે જો પોલીસ વિદ્યાર્થીઓને હેરાન કરવાનું બંધ નહીં કરે, તો પાર્ટી ટૂંક સમયમાં એક વિશાળ અને શાંતિપૂર્ણ વિરોધ શરૂ કરશે.

CJP ના સ્થાપક અભિજીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે જો વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા ત્રાસ ગુજારવામાં આવતો રહેશે, તો કોકરોચ જનતા પાર્ટી ટૂંક સમયમાં એક વિશાળ શાંતિપૂર્ણ વિરોધ કરશે. સરકારે તાત્કાલિક વિદ્યાર્થીઓને નિશાન બનાવવા અને તેમના વિરુદ્ધની ચાલાકી બંધ કરવી જોઈએ. પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસે સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશ પર સવાલ ઉઠાવ્યા છે. મંગળવારે જારી કરાયેલા એક વિગતવાર નિવેદનમાં, સૌરવે જણાવ્યું હતું કે CJP આંદોલન સંબંધિત કેસોમાં સુપ્રીમ કોર્ટે પસાર કરેલો વચગાળાનો આદેશ, ખાસ કરીને હાલની FIR માં તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપતો નિર્દેશ, દેશભરના યુવાનો માટે ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે આ નિર્દેશ કેન્દ્ર સરકારના 25 જુલાઈ, 2026 ના રોજના જાહેર ખાતરીનો વિરોધાભાસ કરે છે કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં સામેલ વિદ્યાર્થીઓ અને યુવાનો સામે નોંધાયેલી FIR પાછી ખેંચી લેવામાં આવશે અને કોઈપણ વિરોધીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિશાન બનાવવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે કરાર હેઠળની ખાતરીઓ પૂર્ણ કરવા માટેની સરકારની સમયમર્યાદા મંગળવારે સમાપ્ત થઈ રહી છે. સરકારે તેના તમામ વચનો પૂર્ણ કરવા જ જોઈએ.

વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાય તે પહેલા ટ્રમ્પે નેતાન્યાહુની ટીકા કરી

ઇરાન યુદ્ધ શરૂ થયું તે પછી પ્રથમ વખત ઇઝરાયેલના વડાપ્રધાન સાથે અમેરિકી પ્રમુખની બેઠક યોજાઇ રહી છે

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી પણ ટ્રમ્પ સાથે વ્હાઇટ હાઉસમાં બેઠક કરશે

વૉશિંગ્ટન, જેરૂસલેન, તા. 28 (AP): ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મંગળવારે યોજાઇ રહેલી બેઠક, બંને નેતાઓ દ્વારા ઈરાન સામે સંયુક્ત યુદ્ધ શરૂ કર્યા પછીની પ્રથમ બેઠક છે તે નેતન્યાહુ માટે તેમના સંબંધોમાં આવેલી ખટાશને દૂર કરવાની એક તક સમાન છે.

આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે બંને નેતાઓ પોતપોતાના દેશમાં વધતા દબાણનો સામનો કરી રહ્યા છે. નેતન્યાહુ ફરીથી ચૂંટણી લડી રહ્યા છે અને ટ્રમ્પ સાથેના તેમના કથળતા સંબંધોને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. બીજી તરફ, આગામી નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા ટ્રમ્પ પર આ અપ્રિય યુદ્ધનો અંત લાવવાનું ભારે દબાણ છે, જેણે આર્થિક તારાજી સર્જી છે અને મોંઘવારી વધારી છે.

ટ્રમ્પે મંગળવારે તેમની મુલાકાત પહેલાં જ નેતન્યાહુ સામેનો પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે અહેવાલો અંગે ફરિયાદ કરી હતી કે ઈઝરાયેલી નેતા 'પિકએક્સ માઉન્ટેન' ખાતેની ઈરાની પ્રવૃત્તિઓની ગુપ્ત માહિતી અંગે ચર્ચા કરવાની યોજના બનાવી રહ્યા છે. પિકએક્સ માઉન્ટેન એ એક સંભવિત પરમાણુ સાઇટ છે, જેના પર અમેરિકી પ્રમુખે વારંવાર બોમ્બમારો કરવાની ધમકી આપી છે. પિકએક્સ ખાતે શું ચાલી રહ્યું છે તે હું બરાબર જાણું છું, એમ ટ્રમ્પે "ફોક્સ એન્ડ ફ્રેન્ડ્સ" ને કહ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું કે ઈરાન જે પણ

...અનુસંધાન પાના 11 પર

વિશ્વભરમાં પોતાનો ચીન વિરોધી ખર્ચ વધારવા માગતુ અમેરિકા

વિશ્વમાં ચીનના વધતા પ્રભાવને સામનો કરવા માટે રચાયેલા કાર્યક્રમો માટે પોતાના ભંડોળમાં કરોડો ડોલરનો તીવ્ર વધારો કરવાની તૈયારી કરી રહ્યું છે

વોશિંગ્ટન, તા. 28(AP): ટ્રમ્પ વહીવટીતંત્ર સમગ્ર વિશ્વમાં ચીનના વધતા પ્રભાવને સામનો કરવા માટે રચાયેલા કાર્યક્રમો માટે પોતાના ભંડોળમાં કરોડો ડોલરનો તીવ્ર વધારો કરવાની તૈયારી કરી રહ્યું છે. ગયા વર્ષે બજેટ અને કર્મચારી કાપના સમયગાળા દરમિયાન આમાંથી ઘણી પહેલો અટકાવી દેવામાં આવી હતી.

વહીવટીતંત્ર દ્વારા ગત અઠવાડિયે જ કૉંગ્રેસ(અમેરિકી સંસદ)ને જાણ કરવામાં આવી હતી કે તેઓ કેરેબિયન અને સેન્ટ્રલ અમેરિકામાં જૂની થઈ ગયેલી અંડરસી ટેલિકોમ્યુનિકેશન કેબલ્સને બદલવા માટે $175.8 મિલિયન (આશરે 17.5 કરોડ ડોલર) ખર્ચ કરવાનો ઈરાદો ધરાવે છે, જેથી ચીનને આ ક્ષેત્રમાં પગપેસારો કરતા રોકી શકાય. 'ધ એસોસિએટેડ પ્રેસ'ને સોમવારે આ સૂચનાની એક નકલ પ્રાપ્ત થઈ છે.વહીવટીતંત્રે અમેરિકાના ખંડમાં ચીનની પ્રવૃત્તિઓ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે, જેમાં પાનામા કેનાલના બંને છેડે આવેલા બંદરો પર ચીનની માલિકી, આ

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૮-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો ૧.૦ મીમી	મોસમનો ૪૧૩ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૨.૬ સે.	૨૬.૪ સે.	૬૭%